આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૭૭ | ૨૮ મે, ૨૦૧૩, મંગળવાર; વૈશાખ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

જે માણસ સ્વામિ બનવાની ઉતાવળ કરે છે તેની ગુલામ બનવાની શકયતાઓ વધી જાય છે
- સંત ફ્રાન્સીસ

# ગાંધીનગરમાં સ્વચ્છ નગર અભિયાન

## અભિયાનના અમલ માટે સેક્ટર-૨, સેક્ટર-૧૩, સેક્ટર-૩૦ અને પાલજની પાયલોટ પ્રોજેક્ટ તરીકે પસંદગી

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરના સેક્ટર-૨, સેક્ટર-૧૩, સેક્ટર-૩૦ અને પાલજ ગામનો સ્વચ્છ નગર અભિયાનના અમલ માટે પાયલોટ પ્રોજેક્ટ તરીકે પસંદગી આજે મળેલ સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં કરવામાં આવી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના સભાખંડમાં સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનશ્રી આશિષ દવેની અધ્યક્ષતામાં મળેલ બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

આજની બેઠકમાં સફાઈના મુદ્દે મોનીટરીંગ અસરકારક નહિ થતુ હોવાનું, સ્વચ્છતા અભિયાનમાં લોક-જાગૃતિનો અભાવ, સામાજિક સંસ્થાઓને પણ સાંકળવી જોઈએ તેવી સભ્યોએ ઉગ્ર રજુઆતો કરી હતી. સફાઈની કામગીરીના મોનીટરીંગને લઈ કોંગ્રેસ અને ભાજપના સભ્યોએ ઉગ્ર રજુઆત કરી હતી. જેમાં એક તબક્કે ચેરમેને પણ સૂર પુરાવ્યો હતો. જો કે આ પછી તેમણે સભ્યોની લાગણીને ધ્યાને રાખી આખા પ્રોજેક્ટ વિશેના અમલીકરણ અંગેની સ્પષ્ટતાઓ કમિશ્નરશ્રીને કરવા જણાવ્યું હતું.

મળતી વિગતો મુજબ આ ચારેય વિસ્તારોમાં સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવશે. આ માટે તમામ વિભાગોને સાથે રાખી અને ઝુંબેશ હાથ ધરવામાં આવશે. આ અભિયાનમાં સફાઈની કામગીરી કરતી સ્વૈચ્છીક સંસ્થાઓ, એન.એસ.એસ સહિતના સ્વયંસેવકોને જોતરવાનું આયોજન છે.

આ સેક્ટરોમાં સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન સંપન્ન થયા બાદ આવાસ દીઠ મફત ડસ્ટબીન આપવાનું



આયોજન છે. આ માટે બજેટમાં પુરતી જોગવાઈ હોવાનું કમિશ્નરશ્રીએ સભ્યોને જણાવ્યું હતું.

હાલ પ્રાથમિક તબક્કે આવાસદીઠ એક જ ડસ્ટબીન આપવામાં આવશે જેમાં ઘરમાંથી નીકળતો ભીનો અને સુકો કચરો એકત્ર થશે. આ પછી કોર્પોરેશન દ્વારા તે ભેગો કરી તેનો નિકાલ કરવામાં આવશે.

બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતાં સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી આશિષ દવેએ જણાવ્યું હતું કે દરેક ઘરે ડસ્ટબીન સારી ક્વોલીટીના પુરા પાડવામાં આવશે અને તેના પર નંબર પણ આપવામાં આવશે. સફાઈની કામગીરીનું અસરકારક મોનીટરીંગ થાય તે માટે કમિશ્નરશ્રી દ્વારા ખાસ સ્કવોડ પણ રચાશે તેવા સંકેતો તેમણે આપ્યા હતા.

કેટલા ડસ્ટબીનની જરૂરિયાત રહેશે તેવા પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે આ માટે સેક્ટરોના મકાનોનો સર્વે કરવામાં આવશે. સફાઈ ઝુંબેશ બાદ આ ડસ્ટબીન આપવામાં આવશે અને તે જાહેરમાં અપાશે.

શ્રી દવેએ જણાવ્યું હતુ કે ચારેય વિસ્તારોની પસંદગીમાં અમે ખુબ જ કાળજી લીધી છે. શહેરમાં સમાવિસ્ટ ગ્રામ્ય વિસ્તારના રહીશોમાં અન્યાયની લાગણી આકાર પામી રહી હતી તેથી અમે તે દૂર થાય તે માટે પાલજની પસંદગી કરીછે. જે વોર્ડ નં. ૮માં છે. તો વોર્ડ નં. ૩માંથી સે. ૩૦ની પસંદગી કરી છે. વોર્ડનં. ૬માંથી સેક્ટર-૧૩ની પસંદગી કરવામાં આવી છે જ્યારે વોર્ડ નં. ૧૧માંથી સે. ૨ની પસંદગી કરવામાં આવી છે.

# ડસ્ટ ફ્રી ઝોન બનાવવાની કામગીરી સે-૨ થી આરંભાશે

## મુખ્યમંત્રી સ્વર્ણિમ શહેરી વિકાસ યોજના અને લોકભાગીદારીથી સેક્ટર-૨(ડી) હરિકૃપા પાર્કની પાયલોટ પ્રોજેક્ટમાં પસંદગી

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરમાં ખાનગી સોસાયટીઓના વિસ્તારને લોકભાગીદારીથી ડસ્ટ ફ્રી ઝોન બનાવવા માટે મુખ્યમંત્રી સ્વર્ણિમ શહેરી વિકાસ યોજના થકી આગળ વધવામાં આવશે. આ માટે પ્રથમ સેક્ટર ૨-ડીમાં આવેલ હરિકૃપા પાર્કની પસંદગી કરવામાં આવી છે. આ સોસાયટીના રહીશોએ લોકફાળા પેટે રૂ.૩,૭૧,૩૧૬ જમા પણ કરાવી દીધા છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની આજે મળેલ બેઠકમાં આ અંગે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી આશિષ દવેએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે સોસાયટીએ લોકફાળો જમા કરાવતાં આજની બેઠકમાં કોર્પોરેશને આ માટે ખર્ચના ફાળાની ૧૦ ટકા રકમ ૧,૮૧,૬૫૮ રૂ. છુટા કરવાનો નિર્ણય કર્યો છે. આ કામ રૂ. ૧૮,૫૬,૫૮૨ ના ખર્ચે થશે.

તેમણે જણાવ્યું હતું કે ખુલ્લી જમીનમાં બ્લોક્સ નાખી દેવામાં આવશે. આ માટેના ટેન્ડર આગામી બે થી ત્રણ દિવસમાં જારી કરવામાં આવશે અને ઝડપથી ટેન્ડર મંજૂરીની પ્રક્રિયા પછી તે કામ હાથ પર લેવામાં આવશે.

શ્રી દવેએ પત્રકારોના પ્રશ્નોના ઉત્તરમાં જણાવ્યું હતું કે મુખ્યમંત્રીશ્રી સ્વર્ણિમ શહેરી વિકાસ યોજના અંતર્ગત રૂ. ૧૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

લોકભાગીદારીથી વિકાસના કામો હાથ ધરવા માટેની આ યોજના અંતર્ગત ૨૦ ટકા લોકફાળો, ૧૦ ટકા કોર્પોરેશન અને ૭૦ ટકા રાજ્ય સરકાર ખર્ચ ભોગવશે. આ યોજનાનો લાભ જે સોસાયટીના ૬૦ ટકા રહીશોએ મિલ્કતવેરો ભર્યો હશે અને ૨૦ ટકા લોકફાળાની રકમ જમા કરાવશે તેને જ મળશે.

તેમણે એક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું કે શહેરની સાત જેટલી

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા પંચાયત કાર્યકારી પ્રમુખનો કાર્યભાર સંભાળતા ભીખીબેન



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકેનો કાર્યકારી કાર્યભાર આજે ઉપપ્રમુખ શ્રીમતિ ભીખીબેન ભરતજી ઠાકોરે વિધિવત્ રીતે જિલ્લા કોંગ્રેસના આગેવાનો અને પંચાયતના સદસ્યોની હાજરીમાં સંભાળી લીધો છે.

આજે સવારે ૧૦ વાગે શ્રીમતિ ભીખીબેન ઠાકોરે તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળ્યો ત્યારે જિલ્લા કોંગ્રેસના પ્રમુખ શ્રી જશુભા રાણા, શ્રી અશ્વિન બારોટ, પૂર્વ ચેરમેનશ્રી અજીતસિંહ રાઠોડ, શ્રી કાળુસિંહ બિહોલા, શ્રી ધૂળાજી ઠાકોર, શ્રી મહોબ્બતસિંહ વાઘેલા, શ્રી કાળુસિંહ ડાભી, શ્રીમતિ ઉષાબેન પટેલ, શ્રીમતિ જ્યોત્સનાબેન પટેલ, શ્રીમતી હીનાબેન પટેલ, શ્રીમતિ શારદાબેન મકવાણા, શ્રી જુગાજી ઠાકોર, શ્રી ભરતજી ઠાકોર, શ્રી હર્ષવર્ધનજી ઠાકોર અને સરપંચો તેમજ વિવિધ સંસ્થાના આગેવાનો અને અગ્રણીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

શ્રીમતી ભીખીબેન ઠાકોરે ચાર્જ સંભાળ્યા બાદ જણાવ્યું હતું કે વિકાસના કામોને અગ્રતા આપવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે સૌ સભ્યોને સાથે રહીને આગળ વધવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે તંત્ર વધુ પ્રજાભિમુખ બને તેના પર વધુ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે.

જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ મંગીબેન પટેલે તેમના હોદ્દા પરથી સ્વૈચ્છીક રાજીનામુ આપતાં શ્રીમતિ ઠાકોરે નવા પ્રમુખની વરણી ના થાય ત્યાં સુધી કાર્યકારી પ્રમુખ તરીકેનો કાર્યભાર સંભાળવાનો છે તેમ જિલ્લા પ્રમુખશ્રી જશુભા રાણાએ જણાવ્યું છે.

# મનપામાં સ્ટેન્ડીંગ કમિટિ માટે અલાયદો સભાખંડ બનશે : રાજકીય પક્ષોને પણ કચેરી ફળવાશે

## આધુનિક સુવિધા સાથે બેસવાની વ્યવસ્થા પણ ઉભી કરાશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મહાનગરપાલિકામાં સ્ટેન્ડીંગ કમિટીની બેઠક માટે આધુનિક સુવિધાઓ સાથે અલાયદો સભાખંડ બનાવવાની સાથે સાથે ભાજપ અને કોંગ્રેસ પક્ષના સભ્યોને બેસવા માટે ખાસ જગ્યાની ફાળવણી કરવાનો મહત્વનો નિર્ણય મ્યુનિ. કમિશ્નર શ્રી લલિત પાડલિયા દ્વારા લેવામાં આવ્યો છે. તાજેતરમાં જ જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા ચોથા માળે મેયરશ્રીની કચેરી સામેની વીંગ ફાળવવાના કરાયેલા નિર્ણય બાદ આ વીંગનું રૂ. ૩૦ લાખના અંદાજીત ખર્ચે રિનોવેશન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

જેમાં આ વીંગના ફ્લોરીંગ સાથે આમૂલ પરિવર્તન કરી દેવામાં આવશે. જેમાં કોંગ્રેસ અને ભાજપના કાઉન્સીલરો માટે ખાસ બેઠક વ્યવસ્થા સાથે પેન્ટ્રીની પણ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. બન્ને પક્ષના સભ્યોની આ ખંડમાં બેઠક યોજી શકાય તે રીતે જગ્યાની ફાળવણી કરવામાં આવશે. ૨૫૦૦ ચો. મીટર જેટલી જગ્યા ધરાવતી આ વીંગમાં મ્યુનિ. સેક્રેટરી માટે ચેમ્બર તેમના સ્ટાફને બેસવાની જગ્યા ઉપરાંત સ્ટેન્ડીંગ કમિટીની બેઠક માટે અલાયદો સમિતિ ખંડ બનાવવામાં આવશે. આ સમિતિ ખંડમાં એન્ટી ચેમ્બરની પણ સુવિધા ઉભી કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે આગામી એક માસમાં આ વીંગની એક બાજુ તૈયાર થઈ જતાં પક્ષોને પહેલાં જગ્યા ફાળવવામાં આવશે. આ માટેની તૈયારીઓ પણ હાથ ધરાઈ ચુકી છે અને ફર્નિચર માટેના હૂકમો આપી દેવામાં આવ્યા છે.

સ્ટેન્ડીંગ કમિટીની બેઠક માટે અલાયદો ખંડ બનાવવાનો મહત્વનો નિર્ણય એટલા માટે લેવાયો છે કે સમિતીની વારંવાર બેઠક મળતી હોય છે અને હાલ કોર્પોરેશનના સભાખંડમાં આ બેઠક મળે છે. જે યોગ્ય નથી. આ ખંડ આધુનિક સુવિધાસભર હશે જેમાં સાઉન્ડ સિસ્ટમ પણ સારી મુકવામાં આવશે. તેમજ અધિકારીઓને બેસવા માટે અલાયદી વ્યવસ્થા હશે.

કોર્પોરેશનના સત્તાવાળાઓ દ્વારા આ જગ્યાનો વિધિવત કબ્જો મેળવી અને કામગીરી શરૂ પણ કરી દેવામાં આવી છે.


## શ્રદ્ધાંજલિ



સ્વ. નિલમબેન કામદાર
(પૂર્વ પ્રમુખ, લાયોનેસ ક્લબ, ગાંધીનગર)

જીવન એવું જીવી ગયા કે જોનારા જોયા કરે,
કર્મ એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે,
દુઃખથી કદી ડર્યા નહીં, સુખથી કદી છલકાયા નહીં,
વહેવાર કદી ચૂક્યા નહીં, ધર્મ કદી ભૂલ્યા નહીં,
સુખ-દુઃખમાં હસતા રહ્યા, સૌના હૃદયમાં વસતા રહ્યા.
પરમકૃપાળુ પરમાત્મા આપના આત્માને શાંતિ અર્પે

લાયોનેસ ક્લબ, ગાંધીનગર


# ડેપ્યુટી મેયર સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં પાછલી હરોળમાં બેઠા !!

## ડેપ્યુટી મેયરનું અવમાન કરનાર સત્તાધારીઓ જાહેરમાં માફી માંગે : કોંગ્રેસ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં સામાન્ય શિષ્ટાચારનો ભંગ કરતી ઘટના આજે ટોક ઓફ ધી ટાઉન બની હતી.

સ્ટેન્ડીંગ કમિટીમાં ડેપ્યુટી મેયર શ્રી સુભાષ પાંડવ સભ્ય તરીકે હાજરી આપવા આવ્યા હતા. તેઓએ આ બેઠકમાં સભ્ય તરીકે પાછલી રો માં બેસીને ભાગ લીધો હતો.

સામાન્યતઃ ડેપ્યુટી મેયર એ મેયર પછીનો મહત્વનો હોદ્દો ગણાતો હોય છે ત્યારે તેમને ડાયસ પર સ્થાન આપવુ જોઈએ પણ તેના બદલે તેઓને પાછલી રો માં બેસવુ પડ્યું હતું. તેમને પ્રથમ હરોળમાં પણ સ્થાન અપાયુ ન હતુ.

આજે આ મુદ્દે કોંગ્રેસ પક્ષના નેતા શ્રી ચીમનભાઈ વિંઝુડાએ જણાવ્યું હતું કે આવો સામાન્ય શિષ્ટાચાર પણ કોર્પોરેશન દ્વારા જાળવવામાં આવ્યો નથી એ દુઃખદ છે. તેમણે ડેપ્યુટી મેયરે આ અવમાન બદલ રાજીનામુ આપી દેવુ જોઈએ તેમ જણાવ્યું છે.

શ્રી વિંઝુડાએ જણાવ્યું હતુ કે ડેપ્યુટી મેયર એ અત્યંત મોભાદાર સ્થાન છે અને તેનું આ રીતે અવમાન થાય એ સાંખી લેવાય નહિ.

તેમણે જણાવ્યું છે કે સત્તાધારીઓ આવો સામાન્ય શિષ્ટાચાર પણ જાળવી શકતા નથી એ શરમજનક ઘટના છે. આ મુદ્દે કોંગ્રેસ પક્ષ સત્તાધારીઓ જાહેરમાં માફી માંગે તેવી માંગ પણ કરે છે.

બીજી તરફ લોકજીભે એવી ચર્ચા જાગી છે કે ડેપ્યુટી મેયરપદ હાંસલ કર્યા પછી શ્રી પાંડવે જાતે જ સ્ટેન્ડીંગ કમિટીમાંથી રાજીનામુ આપી દેવું જોઈએ અથવા સન્માન ન જળવાય તો સભાખંડ છોડી દેવો જોઈએ.

દરમ્યાન આજે સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં ભાજપ અને કોંગ્રેસના એક-એક સભ્યની ગેરહાજરી હતી.


